# જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી

સેવાસદન-૨, બ્લોક ' એ ', ગ્રાઉન્ડ ફ્લોર, અમરેલી, પીનકોડ નં.- ૩૬૫૬૦૧

ફોન નં. / ફેકસ નં. ૦૨૭૯૨ - ૨૨૩૦૨૯,E- Mail : dsdo-amr@gujarat.govt.in


જા નં./ ૩૮૦૮ /૨૦૧૯-૨૦ તા.૦૫/૧૧/૨૦૧૯

પ્રતી,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
અમરેલી.

વિષય : ભારત સરકારની National Scholarship Portal પરની દિવ્યાંગ શિષ્યવૃતી યોજના હેઠળ પોર્ટલ પર શાળા/કોલેજો/સંસ્થાઓના રજીસ્ટ્રેશન તથા KYC ફરજીયાત કરવા બાબત.

સંદર્ભ : નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરના પત્ર,નં/સસુખા/અપગ/સ્કોલરશીપ/૨૦૧૯-૨૦/૮૭૧૦, તા.૨૩/૧૦/૨૦૧૯.

સાહેબશ્રી,

જય ભારત સાથ ઉપરના વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારની National Scholarship Portal પરની દિવ્યાંગ શિષ્યવૃતી યોજના હેઠળ પોર્ટલ પર શાળા/કોલેજો/સંસ્થાઓના રજીસ્ટ્રેશન તથા KYC ફરજીયાત થાય તે માટે આ સાથે સામેલ સંદર્ભ વાળા પત્રથી ભારત સરકારની National Scholarship Portal પરની દિવ્યાંગ શિષ્યવૃતી યોજના હેઠળ પોર્ટલ પર આપના તાબા હેઠળની શાળા/કોલેજો/શૈક્ષણીક સંસ્થાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થી હોય અને વિદ્યાર્થી દ્વારા National Scholarship Portal દરખાસ્ત કરેલ હોય તે શાળા/કોલેજો/શૈક્ષણીક સંસ્થાઓનાં રજીસ્ટ્રેશન તથા KYC National Scholarship Portal ફરજીયાત થાય તે માટે સુચના થઇ આવેલ છે.જે બાબત ધ્યાને લઇ આપના તાબા હેઠળની શાળા/કોલેજો/શૈક્ષણીક સંસ્થાઓને આ અંગેની કામગીરી તાકીદે કરવા આપ સાહેબશ્રીના સ્તરેથી સદર કામગીરીને અગ્રીમતા અપાવી શાળાઓના આચાર્યશ્રીઓને ઉચિત સુચના થવા તથા આ કામગીરી સમય મર્યાદામા પુર્ણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી.

આભાર સહ....

V. Azu

બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી
-સહ-
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી
અમરેલી

બિડાણ:-
સંદર્ભીત પત્રની નકલ
નકલ રવાના જાણ સારૂ.
નિયામકશ્રી,

પરીપત્ર નં - ૩૧૦

ક્રમાંક:યોજના/NSP/દિવ્યાંગ/૧૯-૨૦/6579
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી ,તા-૦૮/૧૧/૨૦૧૯

ઉપરોક્ત પરીપત્રની જાણ તથા અમલ સારું

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જિ-અમરેલી

Scanned by CamScanner

સમય મર્યાદા/ તાત્કાલિક

જી.એન.નાચિયા, જી.એ.એસ(નિવૃત)
નિયામક

**નિયામક, સમાજ સુરક્ષા ખાતુ**
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ઈ-મેઈલ : dir-sd@gujarat. gov.in

નં. સસુખા/અપગ/સ્કોલરશીપ/૨૦૧૯-૨૦/૮૭૧૦ તા.૨૩ /૧૦/૨૦૧૯

પ્રતિ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

વિષય: વર્ષ ૨૦૧૯-૨૦માં ભારત સરકારની દિવ્યાંગ વ્યક્તિઓની શિષ્યવૃતિ માટે National Scholarship Portal (2.0) માં શાળા/કોલેજ/સંસ્થાઓમાં કરવાની થતી કામગીરી

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના Deptt. Of Empowerment of Persons with Disabilities, Ministry of Social Justice & Empowerment, Delhi, Government of India ની તા.૧૧/૧૦/૨૦૧૯ના વિડીયો કોન્ફરન્સમાં આપેલ સુચના મુજબ National Scholarship Portal (2.0) માટે શાળા/કોલેજ/સંસ્થાઓમાં કરવાની કાર્યવાહીની વિગત નીચે મુજબ છે.

➢ <u>વર્ષ ૨૦૧૯-૨૦ માટે શાળા/કોલેજ/સંસ્થાઓ એ રજિસ્ટર થવા માટે કરવાની થતી કામગીરી:</u>

- શાળા/કોલેજ/સંસ્થાઓને પોતાના વર્ષ ૨૦૧૮-૧૯ માટે મળેલ ID-Password નો ઉપયોગ કરી https://scholarships.gov.in/ પર Institute Login માં જઇ Login કરીને Dashboard માં દેખાતા Welcome to NSP ના Instructionમાં આપેલ OK Button પર Click કરવું.
- OK Button પર Click કરતાં Form of Registration of Institute Nodal Officer on NSP માં આપના Institute Nodal Officerનું Valid Identity Proof – Aadhar Card/Voter ID વગેરે JPEG/PDF Formatમાં 200 KBની File Size સાથે ફરજિયાત Upload કરવાનું રહેશે, ત્યારબાદ તેમાં નીચે આપેલ Formની વિગતો ભરી Final Submit કરવું
- Form Final Submit કર્યા બાદ Form ભરતી વખતે Point No. 13માં આપેલ Mobile No. પર OTP આવશે તે OTP Verificationમાં નાખીને આપેલ Confirm OTP પર Click કરવાથી આપની માહિતી Successfully Submit થઇ છે તેવો Message Reference Number સાથે દેખાશે જે નોંધી લેવો.

Scanned by CamScanner

- ત્યારબાદ Registration થયેલા Formની ૨(બે) નકલમાં Print લઇ શાળા સહી સિક્કા સાથેની એક સંસ્થા/કોલેજ/District Social Defence Officerને જમા કરાવવાની રહેશે અને District Social Defence Officer ના સહી સિક્કા સાથેની એક Receiving Copy શાળા/સંસ્થા/કોલેજએ મેળવવાની રહેશે.
- અત્રે ઉલ્લેખનીય છે કે, જે શાળા/સંસ્થા/કોલેજમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ હોય તેવી શાળાઓએ National Scholarship Portal (2.0) પર રજિસ્ટ્રેશન તા.૦૮/૧૧/૨૦૧૯ સુધી ફરજિયાત કરાવવાનું રહેશે. જેથી રજિસ્ટ્રેશન ન થવાના કારણે અથવા અન્ય કોઇ કારણસર દિવ્યાંગ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી જશે તો તે અંગેની સઘળી જવાબદારી શાળા/સંસ્થા/કોલેજના આચાર્યશ્રીની રહેશે. જેની જાણ તથા જરૂરી કાર્યવાહી થવા વિનંતી.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજય, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

- માન.અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં. ૯/૧, ગાંધીનગરને જાણ તેમજ જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા સારૂ.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં.૧૨/૨, ગાંધીનગરને જાણ તેમજ જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા સારૂ.

**નકલ રવાના:**

- તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ શાળા/સંસ્થાના/કોલેજનું રજિસ્ટ્રેશન તથા KYC ફરજિયાત થાય તે અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથે પરામર્શ કરી જરૂરી કાર્યવાહી સમય મર્યાદામાંપૂર્ણ કરાવવાની જવાબદારી સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની રહેશે.

Scanned by CamScanner